તા.૦૮/૦૧/૨૦૧૭

# અમરોલી-કોસાડમાંથી તમંચા સાથે પરપ્રાંતી યુવાન ઝડપાયો

સુરત : અમરોલી કોસાડ રોડ ઉપર દેશી તમંચો લઈ ફરતા પરપ્રાંતી યુવકને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચનાં માણસો કોસાડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન હરપાલસિંહને મળેલી બાતમીના આધારે કોસાડ આવાસ પાસે વોચ ગોઠવી એક પરપ્રાંતી યુવકને ઝડપી લેવાયો હતો. પ્રવીણ ઉર્ફે બાબા મૃત્યુંજયસિંહ રાજપૂત નામના આ ત્રેવીસ વર્ષીય યુવક પાસેથી દેશી હાથ બનાવટનો તમંચો મળી આવ્યો હતો. કોસાડ આવાસમાં રહેતા પ્રવીણની પ્રાથમિક પૂછપરછમાં તેને આ હથિયાર તેનો મિત્ર રાહુલ ઓમકાર શર્મા આપી ગયો હોવાની કબૂલાત કરી હતી. મિત્ર દ્વારા વતનથી લાવવામાં આવેલો તમંચો વેચવાના ઈરાદે રાખ્યો હોવાનું કબૂલનાર પ્રવીણની પોલીસે ધરપકડ કરી છે. કેસની વધુ તપાસ હેડકોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ રાઠોડ કરી રહ્યા છે.